NAVSARI AGRICULTURAL UNIVERSITY

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## ૧૨ દિવસીય "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્સેકટીસાઈડસ મેનેજમેન્ટ ફોર ઈન્સેકટીસાઈડસ ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ " માટે પ્રવેશ અંગેની જાહેરાત

| | |
|---|---|
| **કોર્ષ ચલાવતી કચેરીનું નામ** | એટીક, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી,<br>નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી,પીન-૩૯૬૪૫૦ |
| **શૈક્ષણિક લાયકાત** | ઉમેદવાર ઈન્સેકટીસાઈડસ ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ હોવી જોઈએ. (નોટીફીકેશન નંબર જીએસઆર ૧૦૬ (ઈ) તારીખ ૦૧/૦૨/૨૦૧૭ ઈસ્યુ અંડર ધ ઈન્સેકટીસાઈડ રૂલ ૧૯૭૧ મુજબ, ૧, ફેબ્રુયરી ૨૦૧૭ ના રોજ પહેલના લાઈસન્સ ધારક માટે) |
| **કોર્ષ ફી** | રૂા. ૭,૬૦૦/- |
| **કોર્ષનો સમયગાળો** | ૧૨ દિવસ (અઠવાડિયામાં એક દિવસ અને કુલ ૧૨ અઠવાડિયા) |
| **પ્રવેશ ક્ષમતા** | ૪૦ તાલીમાર્થી |

દક્ષિણ ગુજરાતના નવસારી, સુરત, તાપી, વલસાડ, ડાંગ, ભરૂચ અને નર્મદા જિલ્લાના ઉમેદવારો અરજી કરવાને પાત્ર છે.

પ્રવેશ ફોર્મ એટીક કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતેથી રૂબરૂ અથવા નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in પરથી ડાઉનલોડ કરી શકાશે. અરજી ફોર્મ જરૂરી આધાર-પુરાવાની સ્વપ્રમાણિત નકલો સાથે ઉપરોક્ત સરનામે રજીસ્ટર પોસ્ટ/કુરીયર/રૂબરૂથી મોકલી આપવાનું રહેશે.

વિસ્તરણ શિક્ષણ નિયામક

નોંધ : નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી અરજીપત્રક ડાઉનલોડ કરનાર ઉમેદવારે પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨માં સહી સિકકા કરીને અરજીપત્રક નિયત સમય મર્યાદામાં જરૂરી પ્રમાણપત્રો સાથે મોકલી આપવાનું રહેશે.

## ૧૨ દિવસીય
## "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્સેકટીસાઈડસ મેનેજમેન્ટ ફોર ઈન્સેકટીસાઈડસ ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ "
## યોજનાની ગાઈડલાઈન અને નિતિ નિયમો

● **પ્રસ્તાવના:**

ખેતી એ ભારત દેશના લોકોના મુખ્ય વ્યવસાય છે. આધુનિક ખેત ઉત્પાદનની સાથે સાથે તેની બજાર વ્યવસ્થા પણ એટલી જ મહત્વની છે. ખેડૂત જુદા જુદા માધ્યમ દ્વારા ખેતી વિષયક માહિતી મેળવે છે, જેમાં **ઈન્સેકટીસાઈડસ**નું વેચાણ કરતાં ઈનપુટ ડીલર્સની ખાસ ભુમિકા હોય છે.

આપણા દેશમાં લગભગ ૩ લાખ જેટલા ઈનપુટ ડીલર્સનું નેટવર્ક છે, જે ખેડુતો માટે ખેતીને લગતી સલાહ અને માર્ગદર્શનનો સ્ત્રોત પૂરવાર થાય તેમ છે. અભ્યાસના તારણ પરથી જાણાયેલ છે કે ૯૦ ટકા ડીલરો કૃષિ વિષયક તાંત્રિક જ્ઞાન ધરાવતા હોતા નથી. તેઓ ફકત ઈનપુટના વેચાણ અને વપરાશ અંગે ખેડુતોને ફક્ત પ્રાથમિક માહિતી પૂરી પાડે છે. વળી તેઓ મૂળભૂત રીતે વંશપરંપરાગત કે નવા તૈયાર થયેલ વ્યાપારી હોય છે તેથી ઘણી વખત તેમની પાસે ખેતી વિષયક પાયાનું જ્ઞાન, શિક્ષણ અને ઈનપુટ અંગેના નિયમોની જાણકારીનો અભાવ હોય છે. આથી જો આ **ઈન્સેકટીસાઈડસ** ડીલરોને યોગ્ય તાલીમ આપવામાં આવે તો તે રાજ્ય અને રાષ્ટ્રની ખેતીના વિકાસમાં મહત્વનો ફાળો આપી શકે તેમ છે.

વધુમાં ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હીના તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૧૮ના પત્રમાં જાણાવ્યા મુજબ ખાતરના વેચાણ માટેના લાઈસન્સ માટે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે **૧૨ દિવસીય "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્સેકટીસાઈડસ મેનેજમેન્ટ ફોર ઈન્સેકટીસાઈડસ ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ "** શરૂ કરવા જાણાવેલ છે.

● મિશન:

તાલીમાર્થીઓ (**ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલોર્સ**) ને **ઈન્સેકટીસાઈડસ**ના વેચાણ અંગે જરૂરી અદ્યતન શિક્ષણથી સજ્જ કરવા, જેથી **વ્યવસાઈક હરિફાય** સાથે તેઓ ખેડૂતોને માહિતી સભર સેવા આપી શકે.

● **હેતુઓ:**

૧) **ઈન્સેકટીસાઈડસ ડીલર્સ અને** ડિસ્ટ્રીબ્યુટર્સને **પેસ્ટીસાઈડસ અને પેસ્ટસ મેનેજમેંટવીસે તાંત્રિક** માહિતીનું શિક્ષણ અને સમજ આપવી.

૨) **ઈન્સેકટીસાઈડસ**ને લગતા કાયદા અને નીતિનિયમોથી વાકેફ કરવા.

● **અભ્યાસક્રમના ફાયદા:**

૧) **પેસ્ટીસાઈડસ અને પેસ્ટસ મેનેજમેંટની તાંત્રિકતા** અંગે જાણકારી અને માર્ગદર્શન આપવા સક્ષમ બને છે.

● **અભ્યાસક્રમની રૂપરેખા:**

૧) તાલીમાર્થીઓને ઘનિષ્ઠ જાણકારી આપવા સારૂં **પેસ્ટીસાઈડસ અને પેસ્ટસ મેનેજમેંટની તાંત્રિકતા** વિષે સંપૂર્ણ અવગત કરાવવા.

૨) સંકલિત **પેસ્ટસ મેનેજમેંટની તાંત્રિકતા** વિષયક શિક્ષણ આપવામાં આવશે.

૩) વિસ્તાર અનુરૂપ કૃષિ પાકોના **રોગ-જીવાત**ની જરૂરિયાત અંગે જાણકારી આપવામાં આવશે.

૪) વિશેષ કરીને રાસાયણિક **પેસ્ટીસાઈડસ** સીમિત ઉપયોગ તથા વધુ પડતા રાસાયણિક **પેસ્ટીસાઈડસ** ઉપયોગ કરવાથી થતી આડ અસરો અને તેના નિવારણ વિષયક જ્ઞાન તથા સમજ આપવામાં આવશે.

● **અભ્યાસક્રમની પધ્ધતિ:**

૧) તાલીમ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમા આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને/અથવા નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા **૧૨ દિવસ** દરમ્યાન ગોઠવવાની રહેશે. વર્ગખંડમાં શિક્ષણ દરમ્યાન દ્રશ્ય શ્રાવ્ય સાધનો, ચર્ચાગોષ્ઠિ તથા લેબોરેટરી પ્રાયોગિક કાર્ય જેવી શિક્ષણ પધ્ધતિઓનો ઉપયોગ કરવામાંઆવશે.

૨) એક બેચમાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ની રહેશે અને પ્રતિ તાલીમાર્થી અભ્યાસક્રમની ફી રૂપિયા **૭,૬૦૦/-** રહેશે.

૩) ઉમેદવાર ઈન્સેકટીસાઈડ ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ હોવી જોઈએ જેના આધારે પસંદગી કરવામાં આવશે. (નોટીફીકેશન નંબર જીએસઆર ૧૦૬ (ઈ) તારીખ ૦૧/૦૨/૨૦૧૭ ઈસ્યુ અંડર ધ ઈન્સેકટીસાઈડ રૂલ ૧૯૭૧ મુજબ, ૧, ફેબ્રુઆરી ૨૦૧૭ ના રોજ પહેલના લાઈસન્સ ધારક માટે)

૪) તાલીમનો સમયગાળો સળંગ ૧૨ દિવસ, અઠવાડિયામાં એક દિવસ અને કુલ ૧૨ અઠવાડિયાનો રહેશે.

૫) તાલીમનું સ્થળ જે તે જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ઉપર અને/અથવા નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી નક્કી કરે તે સ્થળ રહેશે.

૬) પ્રવેશ માટેનું અરજી પત્રક **પરિશિષ્ટ-૧** મુજબ રહેશે.

૭) **"સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્સેકટીસાઈડ મેનેજમેન્ટ ફોર ઈન્સેકટીસાઈડ ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ"** માટે પ્રવેશ અંગેની શરતો **પરિશિષ્ટ-૨** મુજબ રહેશે.

૮) અભ્યાસક્રમના હાજરી અને મૂલ્યાંકનના નિયમો **પરિશિષ્ટ-૩** મુજબ રહેશે.

## પરિશિષ્ટ-૧

# APPLICATION FORM FOR ENROLLMENT CERTIFICATE COURSE ON PESTICIDES

Affix recent passport size photographs and Signatur

**Year:** 2021-22

**Centre:** ATIC, NAU, Navsari

S.No. (For office use only)........................................

(Please fill in capital letter)

| | |
|---|---|
| **Name of Applicant (capital letter)** (ઉમેદવારનું નામ) | |
| **Father`s Name / Guardian Name** (પિતાવાલીનું નામ/) | |
| **Date of Birth** (જન્મ તારીખ) | |
| **Gender (Female/Male/Transgender)** લિંગ (પુરૂષ / સ્ત્રી/ અન્ય) | |
| **Category (SC/ST/OBC/GENERAL)** જાતી (એસસી/એસટી/ઓબીસી/જનરલ) | |
| **Physically Disable (Yes/No)** શારીરીક રીતે ખોડખાપણ (હા/ના) | |
| **Tel. No.** (ટેલીફોન નંબર) | |
| **Email id.** (ઈમેલ આઈડી) | |
| **Postal Address** (સરનામું) | |

| Sr.No | Examination | Year | School/College | University |
|---|---|---|---|---|
| 1. | High School | | | |
| 2. | Intermediate | | | |
| 3. | Graduation | | | |
| 4. | Post- Graduation | | | |
| 5. | Diploma | | | |

I hereby certify that all the information furnished above by me is correct to the best of my knowledge and belief. I understand and accept that furnishing of any false information on my part will automatically lead to Disqualification of my enrolment. I agree to abide by the code of conduct and rules as may be farmed from time to time by authorities for smooth conduct of the program.

**Date:**

**Place:**

**Note: After finalization of admission, course fee paid will not be returned.**

**Name and Signature**

અરજીપત્રક સાથે સામેલ કરવાની વિગતો:

૧. જંતુનાશાક ડીલર્સનું લાયસન્સ નંબર

૨. તાલીમ લેનારનું આધાર કાર્ડ/ચુંટણી કાર્ડ

# પરિશિષ્ટ-૨

## ૧૨ દિવસીય "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્સેકટીસાઈડ મેનેજમેન્ટ ફોર ઈન્સેકટીસાઈડ ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ "

## માટે પ્રવેશ અંગેની શરતો

| | |
|---|---|
| ૧. | ઉમેદવાર ઈન્સેકટીસાઈડ ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ હોવી જોઈએ જેના આધારે પસંદગી કરવામાં આવશે. (નોટીફીકેશન નંબર જીએસઆર ૧૦૬ (ઈ) તારીખ ૦૧/૦૨/૨૦૧૭ ઈસ્યુ અંડર ધ ઈન્સેક્ટીસાઈડ રૂલ ૧૯૭૧ મુજબ, ૧, ફેબ્રુયરી ૨૦૧૭ ના રોજ પહેલના લાઈસન્સ ધારક માટે) |
| ૨. | જંતુનાશાકનું લાયસન્સ અને તાલીમ લેનારનું આધાર કાર્ડ/ચુંટણી કાર્ડની કોપી આપવાનીરહેશે. |
| ૩. | નિયત નિયમોનુસાર પસંદ થયેલ ઉમેદવારે રૂબરૂ મુલાકાત સમયે પસંદગી પામેલ ઉમેદવારે ત્રણ દિવસમાં ફીની રકમ પેટે રૂ. ૭૬,૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરવાના રહેશે. રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ "Assistant Extension Educationist (AEE), DEE, Navsari" ના નામનો આપવાનો રહેશે. રૂબરૂ મુલાકાત સમયે પોતાના ખર્ચે આવવાનું રહેશે. |
| ૪. | પસંદગી પામેલ ઉમેદવારે તાલીમના પ્રથમ દિવસે જ હાજર થવાનું રહેશે. ઉમેદવાર હાજર ન થાય તો પ્રતિક્ષાયાદીમાં અગ્રતાક્રમ મુજબના ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. તેમજ ભરેલ ફી કોઈ પણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી. |
| ૫. | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના કાર્યક્ષેત્રમાં આવતા નવસારી, સુરત, તાપી, વલસાડ, ડાંગ, ભરુચ અને નર્મદા જિલ્લાઓના જ ઉમેદવારો અરજી કરી શકશે. |
| ૬. | આ કોર્ષ પંદર દિવસનો ફુલ ટાઈમનો રહેશે અને એટીક, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી અને/અથવા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાશે. |
| ૭. | અભ્યાસક્રમનો સમય સવારના ૦૯.૩૦ કલાક થી સાંજના ૧૭.૩૦ કલાક સુધી રહેશે. |
| ૮. | પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૮૦% હાજરીની જરૂરીયાત રહેશે. |
| ૯. | પ્રવેશ અંગેની અરજી નિયત તારીખ સુધીમાં અચૂક મોકલી આપવી. મોડી આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહી. |

સ્થળ : ....................................

તારીખ : ..................................

તાલીમાર્થીની સહી..................................................

# પરિશિષ્ટ-૩

## ૧૨ દિવસીય "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્સેકટીસાઈડ મેનેજમેન્ટ ફોર ઈન્સેકટીસાઈડ ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ" અભ્યાસક્રમના હાજરી અને મૂલ્યાંકનના નિયમો

૧. **"સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્સેકટીસાઈડ મેનેજમેન્ટ ફોર ઈન્સેકટીસાઈડ ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ"**તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતાં દરેક તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા માટે સૈદ્ધાંતિક અને પ્રાયોગિક બન્નેમાંઓછામાં ઓછી ૮૦% હાજરી જરૂરી રહેશે.

૨. માંદગી સબબ તાલીમાર્થી ૮૦% હાજરી પૂરી કરવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં તાલીમાર્થી અંતિમ પરીક્ષા આપી શકે નહી તેણે ત્યાર પછીની બેચમાં નવેસરથી વધારાના તાલીમાર્થી તરીકે સ્વખર્ચે તાલીમ પૂર્ણ કરવાની રહેશે.

૩. દરેક તાલીમ વર્ગમાં એક આંતરિક અને એક અંતિમ કસોટી લેવામાં આવશે. જેમાં આંતરિક કસોટી તાલીમ દરમ્યાન અને અંતિમ કસોટી તાલીમ વર્ગના અંતિમ દિવસોમાં લેવામાં આવશે.

૪. માંદગી અથવા તો કોઈ ખાસ અનિવાર્ય કારણો સિવાય તાલીમાર્થી આંતરિક પરીક્ષામાં ગેરહાજર રહે તો તે તાલીમાર્થીની પાછળથી પરીક્ષા લેવામાં આવશે નહી, જો કે માંદગી સબબ અથવા ખાસ અનિવાર્ય પ્રકારના કારણોથી તાલીમાર્થી આંતરિક પરીક્ષામાં ગેરહાજર રહે તો તે તાલીમાર્થીની પરીક્ષા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની મંજૂરી મેળવ્યા બાદ લેવામાં આવશે.

૫. તાલીમાર્થીઓને અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરવા ઓછામાં ઓછા કુલ ૪૦ % ગુણ મેળવવાના રહેશે. જ્યારે

| ક્રમ | વિગત | માર્કસ |
|---|---|---|
| ૧ | પાસ | ૪૦ |
| ૨ | ફર્સ્ટકલાસ | ૬૦-૮૦ |
| ૩ | ડિસ્ટીન્કશન | >૮૦ |

૬. જે તે તાલીમ વર્ગમાં નાપાસ થનાર તાલીમાર્થીઓની ફરીથી પરીક્ષા લેવામાં આવશે નહી, પરંતુ ત્યાર પછીની બેચની પરીક્ષામાં તેઓએ પરીક્ષા આપવાની રહેશે. આ પ્રમાણે તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવાની કુલ બે તક આપવામાં આવશે જો બીજી વખત પણ પાસ ના થાય તો પરીક્ષા ફરીથી લેવામાં આવશે નહી.

૭. તાલીમાર્થીઓનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવશે.

| ક્રમ | વિગત | માર્કસ |
|---|---|---|
| ૧ | અંતિમ કસોટી | ૫૦ |
| ૨ | વાઈવા વોઈસ | ૫૦ |
| | કુલ | ૧૦૦ |

૮. ઓછામાં ઓછા ૪૦ તાલીમાર્થીઓએ તાલીમમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોય તો જ તાલીમ શરૂ કરવામાં આવશે.

-:-:-:-:-:-:-:-:-:--:-:-:-:-:-:-

## "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્સેકટીસાઈડ મેનેજમેન્ટ ફોર ઈન્સેકટીસાઈડ ડીલર્સ/ડિસ્ટ્રીબ્યુટર્સ" નો અભ્યાસક્રમ

સમયગાળો: ૧૨ દિવસ (૩૬ વ્યાખ્યાન + ૩૬ પ્રાયોગિક)

---

### ▶ વ્યાખ્યાનનો વિષય અને વ્યાખ્યાનની સંખ્યા:

**સમયગાળો:** ૭૨ કલાક

**સમયગાળો:** ૬ કલાક / દિવસ / અઠવાડિયા.

| એક વ્યાખ્યાન (દરેક એક કલાક) | | |
|---|---|---|
| અ. ક્રમ. | વિષય | વ્યાખ્યાનોની સંખ્યા |
| ૧. | મુખ્ય નીંદાણ છોડ, જીવાતો અને રોગોની ઓળખ, સમગ્ર સ્પર્ધામાં જીવાતોને લીધે હરીફાઈની ગતિશીલતા અને ઉત્પાદમાં નુકશાન | ૩ |
| ૨. | જીવાત નિયંત્રણના સિદ્ધાંતો, EIL, ETL, IPM અને ICM અને GAP અને જીવાતોમાં પુનરુત્થાન અને પ્રતિકારકતા | ૨ |
| ૩. | નીંદાણ, જંતુઓ અને પાકના રોગોના વ્યવસ્થાપન વિશે સંક્ષિપ્તમાં અભ્યાસ | ૩ |
| ૪. | જંતુનાશકોની માત્રાના સમય અને વપરાશનો સંક્ષિપ્તમાં અભ્યાસ | ૨ |
| ૫. | એગ્રોકેમિકલના વર્ગીકરણનો પરીચય, માઈક્રોબાયલ, જૈવિક-પાક સંરક્ષણ ઉત્પાદનો. | ૨ |
| ૬. | વપરાસ માટે ભલામણ થયેલ નવા વર્ગના જંતુનાશકોનું અસર કરવાની રીત, પ્રવેશ, રચનાના, પ્રકાર અને અને પરમાણુઓના આધારે વર્ગીકરણ | ૩ |
| ૭. | જંતુનાશક મિશ્રણની સુસંગતતા, જંતુનાશકો માટે ડોઝ અને ડોઝની સંખ્યાત્મક અને ઉપયોગથી થનાર ખર્ચની ગણતરી | ૨ |
| ૮. | જંતુનાશક ઉપકરણો, આપવાના પ્રકારો, સ્પ્રેઅર્સ, સ્પ્રે નોઝલ, સ્પ્રે વોલ્યુમો પર અભ્યાસ | ૧ |
| ૯. | મહત્તમ કવરેજ માટે જંતુનાશક દવાઓના સલામત ઉપયોગનો અભ્યાસ | ૨ |
| ૧૦. | જંતુનાશકની ઝેરી અસર નીવારવાના પ્રાથમીક ઉપચાર | ૧ |
| ૧૧. | બિન-લક્ષ્ય જીવો પરાગ રજકો, કુદરતી દુશ્મનોની સલામતી માટે જંતુનાશકોનો સંક્ષિપ્તમાં અભ્યાસ | ૨ |
| ૧૨. | જૈવીક નિયંત્રકોના મોટા પાયે ઉત્પાદનની તાંત્રિકતા અને ઉપયોગની રીત | ૧ |
| ૧૩. | નીંદણનાશક દવાઓ, જંતુનાશકો, ફૂગનાશકો, છોડના વિકાસ પ્રમોટરો વગેરેની ઓળખ અને ઉપયોગ અંગેના સંક્ષિપ્તમાં વર્ણન. | ૨ |
| ૧૪. | જંતુનાશક અધિનિયમનો ૧૯૬૮ નિયમોની સંક્ષિપ્તમાં જાણકારી | ૨ |
| ૧૫. | નોંધણી બોર્ડ અને બોર્ડની મહત્તાનો ટૂંકમાં અભ્યાસ | ૨ |
| ૧૬. | ખાદ્ય પદાર્થમાં જંતુનાશકના અવશેષો અને નિવારવાના ઉપાયો ( એમ.આર.એલ.એસ., એડીઆઈ વગેરે જેવા સલામતીની ચિંતા અંગેનો અભ્યાસ) | ૧ |
| ૧૭. | લેબલ્સના કોષ્ટકો, પત્રિકાઓ, મિસબ્રાંડેડ, સ્પુરીયસ પેસ્ટિસાઇડ્સ પર અભ્યાસ | ૨ |
| ૧૮. | ડીલરો / ડિસ્ટ્રિબ્યુટર અને ઉત્પાદકોની જવાબદારીઓ વિશે સંક્ષિપ્તમાં અભ્યાસ | ૨ |
| ૧૯. | અનાજસંગ્રહ દરમ્યાન અને ઘ રમાં જોવા મળતી જીવાતોનો સંક્ષિપ્તમાં અભ્યાસ | ૧ |
| ૨૦. | નવા વર્ગનાં જંતુનાશકો અને તેની અસર કરવાની રીતનો ટૂંક અભ્યાસ | ૧ |
| | કુલ એ: | ૩૬ |

▶ **<u>પ્રાયોગિક કાર્યનો વિષય અને પ્રયોગની સંખ્યા:</u>**

| બી - પ્રાયોગિક (દરેકના બે કલાક) | | |
|---|---|---|
| આક્રમ | વિષય | પ્રાયોગિકની સંખ્યા |
| ૧. | મુખ્ય નીંદાણ, જીવાતો અને રોગોની ઓળખ અને સંગ્રહ | ૩ |
| ૨. | નીંદાણનાશક દવાઓ, જંતુનાશકો, ફૂગનાશકો, છોડના વિકાસના પ્રમોટરો વગેરેની ઓળખ. | ૨ |
| ૩. | જંતુનાશક દવાઓના ફોર્મુલેશનના આધારે પ્રકારો અને જેરી અસર કરવાની રીત | ૨ |
| ૪. | જંતુનાશક દવાઓના ઉપયોગ માટેના સાધનોની ઓળખ અને જંતુનાશકોના ઉપયોગ વખતે લેવાની સવચેતી | ૨ |
| ૫. | સ્પ્રેઅર્સ, ડસ્ટર, નોઝલ વગેરે જેવા જંતુનાશક ઉપકરણો પર પ્રાયોગિક અભ્યાસ | ૨ |
| ૬. | જંતુનાશકોના ડોઝ / ડોઝની ગણતરી પર પ્રાયોગિક અભ્યાસ | ૧ |
| ૭. | જીવાતના કુદરતી દુશ્મનો અને પરાગરજકોનું વહન કરનાર વગેરેના સંગ્રહ અને ઓળખ પર અભ્યાસ | ૨ |
| ૮. | વપરાશ પછી કન્ટેનરનો સલામત નિકાલ અને જંતુનાશક તત્વોને દૂર કરવા માટેનાં ઘરગથ્થું ઉપાયો | ૧ |
| ૯. | ઝેરની માત્રા - ત્રિકોણ, લેબલ્સ, પત્રિકાઓ અને જંતુનાશક દવાઓની પ્રાથમિક સારવાર માટેના ઉપાયો | ૨ |
| ૧૦. | બનાવટી, નકલી, ખોટાજંતુનાશકોની ઓળખ માટેનો અભ્યાસ | ૧ |
| | કુલ બી: | ૩૬ |

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-